# ૧૪ ગુણસ્થાન = ગુણોનું સ્થાન

- ડૉ. જાગૃતિ નલિન ધીવાલા

**M.A, M.Phil, Ph.D.(jainism)**



# ૧૪ ગુણસ્થાન

ગુણસ્થાન = ગુણોનું સ્થાન, અર્થાત્ આત્મામાં ગુણો પ્રગટ થતાં પ્રાપ્ત થતો આધ્યાત્મિક વિકાસ.

આત્મામાં જ્ઞાન, દર્શન આદિ ગુણો રહેલા જ છે, પરંતુ તે ગુણો આવરાયેલા=દબાયેલા છે.

જ્ઞાન આદિ ગુણો ઉપર કર્મોનું આવરણ છે. જેમ જેમ કર્મોનું આવરણ ખસતું જાય તેમ તેમ આત્માનાં જ્ઞાન આદિ ગુણો પ્રગટ થતા જાય છે અને આત્મા વિકાસનાં પંથે આગળ વધતો જાય છે. એ જ આધ્યાત્મિક વિકાસ ક્રમશઃ શ્રેણીનાં સોપાનો સર કરાવનાર બને છે.

કોઈપણ જીવનો આધ્યાત્મિક વિકાસ ક્રમસર થાય છે. આ ક્રમની અનેક અવસ્થાઓનું જૈન આગમોમાં તેમજ અન્ય અનેક જૈન સાહિત્ય ગ્રંથોમાં વર્ણન છે, જેને ચૌદ ગુણસ્થાન કહે છે.

# ૧૪ ગુણસ્થાનનાં સોપાનો



# ગુણસ્થાનોની પ્રાપ્તિ કેવી રીતે

ગુણસ્થાનોની પ્રાપ્તિ મોહનીય કર્મની વિશુદ્ધિથી નિષ્પન્ન થાય છે.

- મોહનીય કર્મનાં મુખ્ય ૨ ભેદ = ૧) દર્શન મોહનીય કર્મ = જેના 3 ભેદ અને ૨) ચારિત્ર મોહનીય કર્મ = જેના ૨૫ ભેદ. તેમાં દર્શન મોહનીયનાં 3 ભેદ તે -
- મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય તેમજ અનંતાનુબંધી ક્રોધ,માન,માયા,લોભ = ૭ પ્રકૃતિના ક્ષયોપશમથી પ્રથમ ૪ ગુણસ્થાન હોય છે.
- પછીનાં આઠ ગુણસ્થાન ચારિત્ર મોહનીય કર્મ (ક્રોધાદિ ૧૬ કષાય અને હાસ્ય આદિ ૯ નોકષાય=૨૫ પ્રકૃતિઓ)નાં ક્ષય-ઉપશમ આદિથી નિષ્પન્ન થાય છે.
- અંતિમ બે ગુણસ્થાન ચાર ઘાતીકર્મનાં ક્ષયથી સયોગી-અયોગી કેવળીને હોય.
- ગુણસ્થાનને સમજવા આશ્રવનાં કારણો તે -મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગને સમજવું આવશ્યક છે.
- તે રીતે આઠે કર્મોમાં મુખ્ય કર્મ એવું મોહનીય કર્મ સમજવું આવશ્યક છે.
- આ ૧૪ ગુણસ્થાનનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.

(૧) **મિથ્યાત્વ ગુણસ્થાન** : સમ્યગ્દર્શનનાં અભાવને મિથ્યાત્વ કહે છે.

- મિથ્યા દ્રષ્ટિ એટલે વસ્તુનાં યથાર્થ જ્ઞાનનો અભાવ. જેની દ્રષ્ટિ જ વિપરીત હોય છે. જેને વસ્તુ-તત્વની સાચી સમજ ન વિકસી હોય, જિનેશ્વર કથિત વચનમાં, જીવ-અજીવ આદિ નવતત્વોમાં સાચી, દૃઢ શ્રદ્ધા ન હોય તેઓ મિથ્યાદ્રષ્ટિ હોય છે.. મિથ્યાત્વમાં રહેનારા જીવ કર્મવૃદ્ધિ અને સંસારવૃદ્ધિ કરે છે.
- આ ગુણસ્થાને પાંચ અનુત્તર વિમાન સિવાયનાં સર્વ સંસારી જીવો હોઈ શકે છે.
- જો જીવ મિથ્યાત્વ દુર કરી સમ્યક્ દ્રષ્ટિ તરફ વિકાસ કરે તો તે સીધો ત્રીજા કે ચોથા ગુણસ્થાને જાય. ૧ થી ૪ ઇન્દ્રિયોનાં જીવો આ ગુણસ્થાનથી આગળ ન જાય.

---

(૨) **સાસ્વાદન ગુણસ્થાન** : આ ગુણસ્થાન સમ્યગ્દર્શનનાં સ્વાદ સહિત હોય છે, તેથી તેને સાસ્વાદન કહે છે. અર્થાત્ જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ એટલે કે ચોથા ગુણસ્થાન પર પહોંચ્યા પછી મોહનીય કર્મ ઉદયનાં જોરે પ્રમાદ વશ થઇ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાં જાય છે.

- ચોથા ગુણસ્થાનથી પતિત થયેલો મિથ્યાત્વમાં પહોંચે, તેની વચ્ચેની આત્માની થોડા સમયની જે અવસ્થા તે સાસ્વાદન અવસ્થા છે.

# 1· मिथ्यात्व गुण स्थान




- मिथ्यात्व, हिंसा-झूठ-चोरी-कुशील आदि पाप एवं शराब पीने-माँस खाने-जुआ खेलने आदि व्यसनों का सेवन करने से जीव नरक में जाते हैं।

# 2- सासादन गुण स्थान


देव
मनुष्य
सम्यग्दर्शन रत्न पर्वत
पशु
यह सासादन गुण स्थान है।
सम्यग्दर्शन से गिरे मिथ्यात्व में नहीं पंहुचे यह बीच की अवस्था सासादन है।
मिथ्यात्व भूमि

**(3) મિશ્ર ગુણસ્થાન** : સમકિત અને મિથ્યાત્વ એમ મિશ્ર પરિણામોવાળી આત્માની અવસ્થાને મિશ્ર ગુણસ્થાન કહે છે. જીવની સ્થિતિ સમ્યક્ શ્રદ્ધા - અશ્રદ્ધારૂપ મિશ્રિત હોવાથીતે પોતાના હિતાહિતનો દ્રઢ નિર્ણય કરી શકતો નથી. તે ૧લા અને ૪થા વચ્ચે ઝોલા ખાય છે. તેનો સમય જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત / ૪૮ મિનિટથી ઓછો હોય છે.



(૪) અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાન = વ્રત રહિત સમકિતની અવસ્થા. ગૃહસ્થ અને સાધુ માટે દેશ વિરતિ અને સર્વવિરતિ એમ ૨ ભેદ પ્રભુએ બતાવ્યા છે. વિરતિનો સ્વીકાર કર્યા પહેલા જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ છે, તે જીવ આ ગુણસ્થાને છે.

- કુલ = ૭ પ્રકૃતિઓનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.
- આ ગુણસ્થાને જીવની દ્રષ્ટિ સમ્યક્ / યથાર્થ બની હોય છે. તેની મિથ્યા માન્યતાઓ / ભ્રમણા છૂટી ગઈ છે. આ સ્થિતિમાં રહેલા જીવને ભલે વ્રત, નિયમ આદિ શરૂ થયા નથી,
- પરંતુ તત્વ સંબંધી શંકાને સ્થાન રહેલું નથી. આવી અનુભૂતિ ભવ્ય જીવને થાય છે. તેણે મોક્ષની યોગ્યતારૂપ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર્યું હોવાથી –
- ક્યારેક તો મોક્ષ પ્રાપ્ત કરશે જ.
- નારકી અને દેવો આ ચોથા અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાનથી આગળ વધી શકતા નથી.

(૫) દેશ વિરતિ ગુણસ્થાન : જેઓને વ્રત-પ્રત્યાખ્યાનની રુચિ થાય છે. તે શ્રાવકનાં ૧૨ વ્રતોમાંથી અનુકુળતા અનુસાર એક કે અનેક વ્રતોને સમજણપૂર્વક ધારણ કરે છે.

- આ સ્થાને દર્શન મોહનીય કર્મ, અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની કષાયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોય છે.
- સંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચ વધુમાંવધુ આ દેશવિરતિ ગુણસ્થાન સુધી જ પહોંચી શકે છે, તેઓ પાંચ મહાવ્રત લઇ શકતા નથી.

(૬) સર્વ વિરતિ પ્રમત્ત ગુણસ્થાન : આ ગુણસ્થાન પંચ મહાવ્રત ધારણ કરનાર સાધુ-સાધ્વી ભગવંતોને હોય છે. પંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો હોવા છતાં પ્રમાદથી સર્વથા મુક્ત નથી હોતા.

- પ્રમાદમાં રહેલ જીવને આર્તધ્યાન અને ધર્મધ્યાન પૈકી આર્તધ્યાનની મુખ્યતા રહે છે, તે જ તેમનો પ્રમાદ હોય છે.
- તેથી જ પરમાત્માએ ઉત્તરાધ્યયન સૂત્ર (અધ્યયન-૧૦)માં ગૌતમસ્વામીને સંબોધી ને “સમયં ગોયમ મા પમાયએ = હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ નહી કરીશ.”
- તેમ કહેતાં સમસ્ત સાધકોને પ્રમાદથી દુર રહેવાનો ઉપદેશ આપ્યો છે.

**(૭) અપ્રમત્ત ગુણસ્થાન :** સર્વ વિરતિ સાધક જયારે શરીર અને ઉપકરણ સંબંધી સર્વ પ્રમાદ પ્રવૃતિઓનો ત્યાગ કરી તપ, સ્વાધ્યાય, ધ્યાન અને આત્મ ચિંતનમાં તેમજ આહારસંજ્ઞા આદિથી રહિત માત્ર આત્મ પરિણામોમાં રત રહે છે, તે સાધક સાતમા અપ્રમત્ત ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે તેઓ છઠ્ઠા અને સાતમા વચ્ચે અનેકવાર રહે છે.

**(૮) અપૂર્વકરણ ગુણસ્થાન** : સાતમા ગુણસ્થાન સુધી મોહનીય કર્મની જેટલી પ્રકૃતિનો ક્ષયોપશમ થયો થયો હોય છે, તેનો અહી ક્ષય કે ઉપશમ થાય છે, ક્ષયોપશમ રહેતો નથી.

- છઠ્ઠે થી સાતમે અને સાતમા થી છઠ્ઠે એમ ઝોલા ખાતો આત્મા જો સાવધાન રહે = અધિક અપ્રમત્ત રહે તો પૂર્વે ક્યારેય ન થયા હોય તેવા અપૂર્વ સ્થિતિબંધ થતા હોવાથી અપૂર્વકરણ ગુણસ્થાન કહેવાય છે.
- આ ગુણસ્થાને તે અપ્રમત્ત મુનિ કર્મનાં ઉપશમથી = “ઉપશમ શ્રેણી” અને કર્મનાં ક્ષયથી = “ક્ષપક શ્રેણી” માંડે છે.
- ઉપશમ શ્રેણી કરનારા યથાયોગ્ય પ્રકૃતિઓનો ઉપશમ કરતાં કરતાં ૧૧મા ગુણસ્થાન સુધી જાય છે અને ક્ષપક શ્રેણી કરનારા યથાયોગ્ય પ્રકૃતિઓનો પૂર્ણ ક્ષય કરતાં કરતાં ક્રમશઃ ઉપર ચડે છે અને ૧૨મા ગુણસ્થાને જાય છે.

# ૧ થી ૮ ગુણસ્થાનનું સામાન્ય સ્વરૂપ

| ક્રમાંક | ગુણસ્થાનનું નામ | સામાન્ય સ્વરૂપ |
|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | અતત્વ શ્રદ્ધા, મિથ્યા દ્રષ્ટિ |
| ૨) | સાસાદન | સમ્યગ્દર્શનનાં સ્વાદવાળી થોડા સમયની અવસ્થા. |
| ૩) | મિશ્ર ગુણસ્થાન | સમ્યક્ અને મિથ્યા એમ બંને પરિણામોવાળી અવસ્થા. |
| ૪) | અવિરત-સમ્યગ્દ્રષ્ટિ | ૭ પ્રકૃતિઓનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. દ્રષ્ટિ સમ્યક્ બની છે, પરંતુ વ્રત-નિયમ પાલન નથી |
| ૫) | દેશ-વિરતિ | વ્રત-પ્રત્યાખ્યાનની રુચિ થાય છે. તે શ્રાવકનાં ૧૨ વ્રતોમાંથી એક કે અનેક વ્રતોને સમજણપૂર્વક ધારણ કરે છે |
| ૬) | સર્વવિરત-પ્રમત્ત સંયત | પંચ મહાવ્રત સ્વીકાર કર્યો છે, પરંતુ પ્રમાદ છે. |
| ૭) | અપ્રમત્ત સંયત | મહાવ્રત-સમિતિ-ગુપ્તિ-ધ્યાન-કાયોત્સર્ગ સાથે સતત આત્મ-ચિંતન અને ધર્મધ્યાનમાં રમણતા. |
| ૮) | અપૂર્વ કરણ | પૂર્વે નહી થયેલા એવા અપૂર્વ અધ્યવસાય. આ સ્થાને ઉપશમ શ્રેણી કે ક્ષપક શ્રેણીનો પ્રારંભ. |

**(૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાન** : અનિવૃત્તિ = અભિન્નતા. આ ગુણસ્થાને પહોંચેલ આત્માને (સુક્ષ્મ લોભ સિવાય) કર્મોનો ક્ષય અથવા ઉપશમ તીવ્રપણે થવા લાગે છે.

- આ સ્થાને બધા જીવોનાં અધ્યવસાયોમાં કોઈ તરતમતા હોતી નથી, કઈંક વધારે સ્પષ્ટ, ઉજ્જવળ અને શુદ્ધિમાં સમાન હોવાથી 'અનિવૃતિ' શબ્દ જોડાયો છે.
- અહી જીવનાં સંજ્વલન ક્રોધ, માનનાં ઉદયનો ક્ષય કે ઉપશમ કરતાં અંતે સંજ્વલન માયાનો ઉદય અટકવાથી જીવ દશમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

---

**(૧૦) સુક્ષ્મ સંપરાય ગુણસ્થાન** : સુક્ષ્મ=ઝીણો, અને સંપરાય = કષાય. દસમા ગુણસ્થાનમાં અંતિમ સમય સુધી બાકી રહેલા સંજ્વલન / સુક્ષ્મ લોભનો ઉદય રહે છે.

- ઉપશમ શ્રેણીવાળા જીવો લોભનો ઉપશમ કરી ૧૧મા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે અને ક્ષપક શ્રેણીએ વધનાર જીવ સુક્ષ્મ લોભનો ક્ષય કરી ૧૨મા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.
- ૮મા, ૯મા અને ૧૦મા ગુણસ્થાને 'હીયમાન અને વર્ધમાન' બંને પ્રકારનાં પરિણામ હોય છે. શ્રેણીથી પાછા પડનાર જીવોને હીયમાન અને શ્રેણીએ ઉપર ચઢનાર જીવોને વર્ધમાન પરિણામ હોય છે. તેમાં માત્ર જ્ઞાનોપયોગ જ હોય છે.

**(૧૧) ઉપશાંત મોહ ગુણસ્થાન :** જેનો મોહ ઉપશાંત થયો છે તે ઉપશમ શ્રેણીવાળા જીવને પૂર્વે મોહનો ઉપશમ શરુ થઇ ગયો હોય છે, પછી તે જયારે પૂર્ણ ઉપશાંત બને ત્યારે આ ગુણસ્થાન પ્રાપ્ત થયું કહેવાય.

- આ સ્થિતિ માત્ર અંતર્મુહુર્ત માટે જ હોય અને તેણે લોભનો ઉપશમ કર્યો હોય છે, ક્ષય કર્યો નથી, તેથી તે પછી તરત લોભનો ઉદય થતાં જીવ નિયમથી પતિત થઇ દસમા
- ગુણસ્થાનેથી લઇને પ્રથમ મિથ્યાત્વ સુધી પણ પહોંચી જાય છે.

**(૧૨) ક્ષીણ મોહ ગુણસ્થાન :** ક્ષય પામ્યો છે જેનો મોહ તે ક્ષીણમોહ. જે આત્માએ ક્ષપક શ્રેણી આરંભી હતી, તેઓ મોહનીય કર્મની બધી પ્રકૃતિઓ સહજ ક્ષય કરતાં અંતે સુક્ષ્મ લોભનો પણ ક્ષય કરે છે, અને ૧૨મા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે, જીવ વીતરાગ દશાનો અનુભવ કરે છે, પરંતુ -

- શેષ ત્રણ ઘાતી કર્મોનો ઉદય હોવાથી હજુ તે જીવ છદ્મસ્થ હોય છે, આ સ્થાને કોઈ જીવનું મૃત્યુ થતું નથી. અહી માત્ર વર્ધમાન પરિણામ હોય છે.
- ૧૨મા ગુણસ્થાનનાં અંતિમ સમયે/અંતર્મુહુર્તમાં બાકીનાં ઘાતી કર્મો તે – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો ક્ષય થવાથી તે જીવને કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થાય છે અને તે ભગવંત ૧૩મા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

૮મા ગુણસ્થાને ઉપશમ શ્રેણી – ૧૧મા ગુણસ્થાને અને ક્ષપક શ્રેણી ૧૨મા ગુણસ્થાને કેવળી



**(૧૩) સયોગી કેવળી ગુણસ્થાન :** આ ગુણસ્થાને તે મહાત્મા સર્વજ્ઞ-સર્વદર્શી અર્થાત્ કેવળી હોય છે, પરંતુ હજુ શરીર હોય છે, તેથી અપેક્ષિત મન-વચન-કાયાનાં યોગ પ્રવર્તે છે, તેથી આ ગુણસ્થાનને સયોગી કેવળી ગુણસ્થાન કહે છે.

- આ ગુણસ્થાને ઉદય ૪ અઘાતી કર્મનો હોય, પરંતુ બંધ માત્ર વેદનીય કર્મનો હોય અને તે પણ બે સમયનો અર્થાત્ ૧ સમયે બંધ, બીજા સમયે ઉદય અને ત્રીજા સમયે ખરી જાય છે.
- કેવળી ભગવનનું આયુષ્ય માત્ર અંતર્મુહુર્ત જેટલું જ બાકી રહે, તે સમયે યોગ નિરોધ કરે છે, તેમાં ક્રમશઃ મન, વચન, કાયાનાં યોગોનો નિરોધ કરી, શૈલેષી અવસ્થા પ્રાપ્ત કરે છે.

---

**(૧૪) અયોગી કેવળી ગુણસ્થાન :** શૈલેષી અવસ્થા પૂર્ણ થતાં જીવ ૧૪મા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. પાંચ હ્રસ્વાક્ષર એટલે કે પાંચ લઘુ અક્ષર તે – અ, ઈ, ઉ, ઋ અને લૃ પ્રમાણ આયુષ્ય બાકી રહે ત્યારે આત્મા યોગરહિત બને છે. આ આત્માનો અંતિમ વિકાસ અને આત્મા સદાને માટે સાદિ અનંત સ્થિતિએ મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

૧૪મા ગુણસ્થાને યોગો હોતા નથી, પણ કેવલજ્ઞાન હોય છે. તેથી તેને અયોગી કેવળી કહેવામાં આવે છે

અને આત્મા લોકનાં અગ્ર ભાગે સિદ્ધ શીલા પર શાશ્વત / અનંતકાળ આત્મિક સુખમાં બિરાજમાન થાય છે, મોક્ષપદને પામે છે, સિદ્ધ થાય છે.

# આભાર !

જય જિનેન્દ્ર

જીનાજ્ઞા વિરુદ્ધ કઈ પણ લખાયું હોય તો 'તસ્સ મિચ્છામી દુક્કડમ'